
ગોરિલા

જંગલના સૌમ્ય દૈત્ય



જોયસ મિલ્ટન

ચિત્ર: બ્રાયન બર્નાર્ડ



ગોરિલા

જંગલના સૌમ્ય દૈત્ય


જોયસ મિલ્ટન


ચિત્ર: બ્રાયન બર્નાર્ડ



જંગલમાં
થોડા મજૂર
ઝાડ કાપવામાં વ્યસ્ત છે.

એને ખબર નથી,
પણ ટેકરી પર
ગોરિલાનો
એક પરિવાર
બપોરની
નિદ્રા કરી રહ્યો છે.





સૌથી મોટો ગોરિલા

એની એક આંખ ખોલે છે.એ મજૂરોના
બૂમબરાડા સાંભળે છે.

અચાનક એ ઉછળી પડે છે,

એની છાતી જોરથી પીટે છે,

અને જોરથી ચીસ પાડે છે -

રરરરર-અહ્હ્હઈઈઈ!

એની ચીસ દુનિયાના સૌથી

ડરામણા અવાજોમાંથી એક છે.

એનો અવાજ કહે છે:

દૂર રહો - અથવા!

મજૂર એના ઓજાર

છોડીને એનો જીવ

બચાવવા માટે ભાગે છે!




એક નર ગોરિલાનું
વજન 500 પાઉન્ડ હોઈ શકે છે.
એ એક વયસ્ક વ્યક્તિથી
બમણાંથી પણ વધારે છે.
ગોરિલા, માણસથી ઘણા
વધારે બળવાન હોય છે!





એ એના દાંતથી
એક ઝાડની શાખાને
બે ભાગમાં તોડી શકે છે.
એની ભુજાઓ લાંબી અને શક્તિશાળી હોય છે.
જ્યારે એ એને ફેલાવે છે,
તો એ આઠ ફીટ સુધી લાંબી થઈ જાય છે.

લાંબા સમય સુધી
લોકો ગોરિલાથી ડરતા હતા.
લોકો ખૂંખાર વાંદરાની
વાર્તાઓ સાંભળતા હતા
જે પાસે આવવાવાળી કોઈ પણ
વ્યક્તિ પર હૂમલો કરી દેતા
હતા.



થોડા વૈજ્ઞાનિકોને
એ વાર્તાઓની સચ્ચાઈ
વિષે સંદેહ હતો.
એમણે આફ્રિકાના જંગલોમાં
પોતે જઈને જોવાનો ફેંસલો કર્યો.



શરૂઆતમાં વૈજ્ઞાનિક ડરતા હતા.

પણ પોતે ડરેલા નથી એ

દેખાડવાનું શીખી ગયા.

કેમ?



જો તમે ગોરિલાથી ભાગશો, તો

એ તમારો પીછો કરી શકે છે

અને તમને બટકું ભરી શકે છે.

પણ મોટે ભાગે એનો હૂમલો દેખાવ માટે હોય છે.


જો તમે કોઈ ગોરિલાનો ભેટો કરો છો,

તો તમારે સ્થિર ઉભા રહેવાનું અને એવું

દેખાડવાનું કે તમે ડરેલા નથી.

તો એ હૂમલો કરવાનું બંધ કરશે


અને દૂર જતો રહેશે.



દિયાન ફોસી
જંગલી ગોરિલાનું અધ્યયન કરવાવાળી
પહેલી મહિલાઓમાંથી એક હતી.
એણે ગોરિલાનો વિશ્વાસ જીતવા માટે,
પોતે એક ગોરિલાની જેમ
વ્યવહાર કરવાની કોશિશ કરી.
એણે પોતાની જાતને ખંજવાળી
અને છાતી પીટી.
એણે ધુરકાટ કર્યો અને પાંદડા ચાવ્યા.



એક વાર, જયારે એક ગોરિલાએ
એના પર હૂમલો કર્યો,
તો દિયાન ફોસીએ
એક કદરૂપો ચહેરો બનાવ્યો.
ગોરિલાને
એટલી નવાઈ લાગી કે
એ ત્યાં જ અટકી ગયો
અને નીચે બેસી ગયો.



થોડા દિવસો પછી ગોરિલાને
દિયાનની ટેવ પડી ગઈ.

એક યુવાન નર -

દિયાન એને પીનટ્સ બોલાવતી
હતી -

બહુ જિજ્ઞાસુ હતો.

એ વધારે નજીક આવતો ગયો.

દિયાને એનો હાથ આગળ કર્યો

અને ચુપચાપ પડી રહી.

બહુ ધીરેથી

પીનટ્સ એની આંગળીઓને અડયો.

એનાથી દિયાન એટલી ઉત્સાહિત
થઈ ગઈ કે એ રડી પડી.


એ પહેલી વ્યક્તિ હતી

જેને કોઈ જંગલી ગોરિલા

અડયો હતો!







ગોરિલાઓને નજીકથી જોઈને,
દિયાન અને અન્ય વૈજ્ઞાનિકોએ
શોધી કાઢ્યું કે હકીકતમાં
એ કેવા હોય છે.

ગોરિલાઓ
સૌમ્ય જીવ હોય છે.
એ ચુપચાપ
સમૂહમાં રહે છે.
એનો નેતા
એક વૃદ્ધ નર હોય છે.
વૈજ્ઞાનિક એને
સિલ્વરબેક કહે છે.
એને એ નામ
એની પીઠ અને ગરદન પર
રહેલા ચાંદી જેવા ભૂરા વાળને
લીધે મળ્યું છે.

યુવાન નર ગોરિલાઓને
બ્લેકબેક કહેવામાં આવે છે.
સમૂહમાં એ અનુયાયી હોય છે.



જયારે એક બ્લેકબેક
નવ કે દસ વર્ષનો હોય છે,
તો એના વાળ સફેદ થવા લાગે છે.
થોડા વર્ષોમાં એ
સિલ્વરબેક થઈ જાય છે.
પછી એ સમૂહ સાથે
રહી શકે છે અથવા
એકલો ભટકી શકે છે.



માદા ગોરિલા નર ગોરિલાથી

અડધી જ મોટી હોય છે.

એ એનો સમય એના બાળકોની

દેખભાળમાં વિતાવે છે.


જ્યારે એક શિશુ ગોરિલાનો જન્મ થાય છે,

તો એનું વજન

ચાર કે પાંચ પાઉન્ડ હોય છે.

એની ત્વચા ચીકણી

અને વાળ વગરની હોય છે.





જ્યારે સમૂહ એક જગ્યાએથી

બીજી જગ્યાએ જાય છે,


તો માઁ એના બાળકને

એક હાથમાં ઉપાડે છે.

બાળક એની માઁ નું
દૂધ પિયે છે
અને બળવાન બને છે.
જયારે એ બે મહિનાનું
થઈ જાય છે,
તો એ એની માઁ ની પીઠ પર
સવારી કરવા માટે
તૈયાર થઈ જાય છે.



બાળક માઁ ના લાંબા વાળ
કસીને પકડે છે.
પણ ક્યારેક એની પકડ
છૂટી જાય છે અને એ
પડી જાય છે -
ઉફ્ફ!



આ સિલ્વરબેક
એના સમૂહને જંગલમાં
નાસ્તાની શોધમાં લઈ જઈ રહ્યો છે.
બધા ગોરિલા એના હાથ
અને ઘૂંટણ પર એક કતારમાં ચાલે છે.
એ એનું વજન
એની આંગળીઓના
પાછળના ભાગ પર રાખે છે.
એક ગોરિલા એના પાછળના પગ
પર પણ ચાલી શકે છે.
પણ ફક્ત થોડા ડગલાં.



થોડા સમયમાં ગોરિલા

જંગલી સેલરી (કચુંબરની વનસ્પતિ) નું એક ખેતર શોધી લેય છે.

જંગલી સેલેરી

તાજી અને મીઠી હોય છે.

નાસ્તા માટે

બે કે ત્રણ કલાક લાગે છે.

પછી ઊંઘનું ઝોકું લેવાનો સમય થાય છે.



બપોરે

ગોરિલા

બીજું એક મોટું ભોજન કરશે.

એ લગભગ આખો દિવસ ખાતા રહે છે.


ગોરિલા ઘણી જાતની

જંગલી વનસ્પતિ પસંદ કરે છે.

વાંસના અંકુર, ફર્ન,

ઝાડની છાલ, જંગલી બ્લેકબેરી.

ખંજવાળ આવે એવી વનસ્પતિ પણ!





બપોરની આસપાસ સમૂહ

ઝોંકુ ખાવા માટે નિરાંતે બેસી જાય છે.

પણ એક નાનો ગોરિલા

પૂર્ણ જાગૃત છે

અને રમવા માટે તૈયાર છે.

એ મસ્તી કરવા માટે


એના માથા પર એક પાંદડું રાખે છે.


ત્યાં એક નાનો દેડકો

એના નાકની બરાબર નીચે

ઠેકડો મારે છે.


એ એનો પીછો કરે છે.





પાસેના ઝાડમાં એક
ભૂખ્યો ચિત્તો
જોઈ રહ્યો છે.
એક નાનો ગોરિલા
સ્વાદિષ્ટ ભોજન બની શકે છે.

અચાનક સિલ્વરબેક
જાગી જાય છે.
એને ચિત્તાની ગંધ આવે છે
અને હૂટ કરવા લાગે છે:
હૂ-હૂ-હૂ!






એ એક પાંદડું પકડે છે
અને એના હોઠની
વચ્ચે રાખે છે.
જયારે કોઈ ગોરિલા એવું કરે,
તો સાવધાન થઈ જવું!
એનો અર્થ છે
કે એ ગુસ્સામાં છે!

પોક! પોક! પોક! પોક!
સિલ્વરબેક
એની છાતી પીટે છે.
પછી એ મુઠ્ઠી ભરીને
ઘાસ ખેંચે છે
અને એને
હવામાં ફંગોળે છે.
એ ચારેય અવયવ પર
ભાખોડીયા ભરીને
દોડે છે.
એ શું કરી રહ્યો છે?
એ એની તાકાત
બતાવી રહ્યો છે!
એક સિલ્વરબેક
એના સમૂહની
મૃત્યુ પર્યન્ત રક્ષા કરશે.

ચિત્તો પણ
ગુસ્સે ભરાયેલા સિલ્વરબેક
સાથે ક્યારેય લડતો નથી.

મોટી બિલાડી
ચુપચાપ જંગલમાં
જતી રહે છે.



સૂર્યાસ્ત પહેલા
સિલ્વરબેક
થોડા ઝાડવાં તોડે છે
અને એનાથી
ચારે બાજુ ઢગલો કરે છે.
એ પથારી બનાવી રહ્યો છે!



બધા ગોરિલા
હુંફાળી જગ્યામાં સૂએ છે.
રોજ રાતે યુવાન ગોરિલા
કોઈ ઊંચા ઝાડની શાખાઓમાં
નવા માળા બનાવે છે.
મોટા ગોરિલા
ઝાડ પર ચઢવા માટે
બહુ ભારે હોય છે.
એ જમીન પર જ
પોતાના માળા બનાવે છે.
માતાઓ એના બાળકોને
પ્રેમથી પંપાળે છે.





શું ગોરિલા બુદ્ધિશાળી હોય છે?

લાંબા સમય સુધી

મોટા ભાગના વૈજ્ઞાનિક

એવું વિચારતા ન હતા.

હવે કોકો નામની એક માદા ગોરિલા

એને ખોટા સાબિત કરી રહી છે.

જયારે કોકો બાળકી હતી,

ત્યારે પેની પેટર્સન નામની

એક વૈજ્ઞાનિક

એની શિક્ષિકા બની.

પેનીએ કોકોને

એ જ સાંકેતિક ભાષા શીખવાડી

જે બહેરા લોકો માટે હોય છે.

કોકોએ લગભગ 2,000 શબ્દો શીખી લીધા છે.


એ નવા શબ્દો પણ બનાવે છે.

કોકો, બ્રોકલીને "દુર્ગંધયુક્ત ખોરાક" કહે છે.

એ મુખવટાને "આઈ હેટ" કહે છે.



કોકો એ બધા કામ કરી શકે છે
જે કોઈ બાળક કરી શકે છે.
એને ચિત્રોવાળી ચોપડીઓ
જોવી પસંદ છે.
એ એના પાળેલા કૂતરા
ફ્લાવર સાથે રમે છે.
એ વાંચવાનું પણ શીખી રહી છે.



પણ એક વસ્તુ છે જે
કોકો કરી નથી શકતી -
એ બોલી નથી શકતી.
એટલે પેનીએ એને
એક કમ્પ્યુટર આપ્યું છે
જે એને માટે બોલે છે.
કોકો એના કમ્પ્યુટરનો
ઉપયોગ કેવી રીતે કરે છે,
એ જોઈને વૈજ્ઞાનિક એ જાણી શકશે
કે બધા ગોરિલા કેવી રીતે વિચારે છે અને શીખે છે.




કોકો એના કમ્પ્યુટર સાથે

જંગલી ગોરિલાનું ભવિષ્ય શું હશે,
એ કોઈ જાણતું નથી.
આફ્રિકા દેશ જ્યાં એ રહે છે
એ ગરીબ અને ભીડવાળો છે.
ત્યાં લોકોને ખેતર
અને ગામ માટે
જમીનની જરૂરત છે.

એ વિશાળ જંગલોને કાપી રહ્યા છે
જ્યાં ગોરિલા રહે છે.
ઘણા આફ્રિકી લોકો ગોરિલાને
બચાવવા ચાહે છે.
પણ એને મદદની જરૂરત છે.






આજે 300 થી વધારે ગોરિલા
અમેરિકી પ્રાણીસંગ્રહાલયમાં રહે છે.
એ જંગલી ગોરિલાની જેમ જ
સંભોગ કરે છે
અને બચ્ચા પેદા કરે છે.

ઓમાની નો જન્મ ન્યુયોર્ક શહેરના
એક પ્રાણીસંગ્રહાલયમાં થયો હતો.
એની માઁ નો જન્મ પણ
એક પ્રાણીસંગ્રહાલયમાં થયો હતો.
શું ઓમાનીના પૌત્રો-પૌત્રીઓ
પ્રાણીસંગ્રહાલયમાં રહેશે?
કદાચ નહીં.
કદાચ કોઈ દિવસ
જંગલ બચી જશે.



21 મહિનાનો ઓમાની.

ત્યારે ઓમાનીના
પૌત્ર-પૌત્રીઓ
જંગલમાં
આઝાદ રહી શકશે!



ગોરિલા

જંગલના સૌમ્ય દૈત્ય

જો કોઈ ગોરિલા હૂમલો કરે
તો તમારે શું કરવું જોઈએ?
શું તમારે ભાગવું જોઈએ?
શું તમારે ઝાડ પર ચઢવું જોઈએ?
શું તમારે કદરૂપો ચહેરો બનાવવો જોઈએ?

જવાબ તમને ચકિત કરી શકે છે!
આ રોમાંચક અને સરળતાથી
વાંચી શકાય એવી ચોપડીમાં
તમે ગોરિલા વિષે બધી
ચોંકાવનારી હકીકત જાણી શકો છો!